# ઇ-સાઇકલ ઉછીની (લૉન પર) લેવા માટે નેશનલ ઇ-સાઇકલ સ્કીમના નિયમો અને શરતો

19 મે 2023

જીવંત (લાઇવ)

## 1. પ્રસ્તાવના

1.1. આ નિયમો અને શરતો નેશનલ ઇ-સાઇકલ સ્કીમ ("સ્કીમ") હેઠળ અમે તમને ઉછીની આપેલી ઇલેક્ટ્રિક બાઇસિકલ ("ઇ-સાઇકલ")ની સાથે સાથે કોઈ સહાયક સાધનો અને જોડાણોને લાગુ પડે છે.

1.2. તમારા બુકિંગ કન્ફર્મેશનમાં નિર્ધારિત કર્યા પ્રમાણે, તમે ઇ-સાઇકલ ઉછીની લેવા ઇચ્છો છો અને અમે તમને તે ઉછીની આપવા સંમત થયા છીએ.

1.3. ઉછીની ઇ-સાઇકલ અને સાથે આપેલા કોઈ સહાયક સાધનો (લાઇટો, તાળા, હેલ્મેટ્સ, ચાર્જર સહિતના સાધનો)નો તમારો ઉપયોગ 1 મહિનાથી વધારે ચાલશે નહિ અને તમને તે ઉછીનું આપવામાં આવે છે.

1.4. ઇ-સાઇકલ ઉછીની લઇને અને અમારી બુકિંગ મેનેજમેન્ટ સિસ્ટમ પર સંબંધિત ખાના પર નિશાની કરીને, તમે આ નિયમો અને શરતો ("નિયમો")ને અનુરૂપ થવા અને તેની સાથે બંધાયેલા રહેવા સંમત થાવ છો.

1.5. ઇવેન્ટમાં તમારે હાજર રહેવાને અલગ નિયમો અને શરતો લાગુ પડી શકે, જે અમે તમને અલગથી ઉપલબ્ધ કરાવીશું.

1.6. કૃપા કરી નોંધી લેશો કે જો તમે આમાંના કોઇપણ નિયમોનું ઉલ્લંઘન કરો તો, અમે તમને ઇ-સાઇકલ ઉછીની આપવાની છૂટ નકારી શકીએ અને/અથવા તમને ઉછીનું આપેલું રદ કરીએ તેવું બની શકે.

## 2. અમારા વિશે અને સ્કીમને લગતી માહિતી

2.1. અમે સાઇકલિસ્ટ્સ ટુરિંગ ક્લબ છીએ (વેપારી નામ - સાઇકલિંગ UK છે) અને ઇંગ્લેન્ડ અને વેલ્સમાં કંપની નંબર 25185 થી ઇન્કોર્પોરેટેડ અને નોંધાયેલા છીએ અને ચેરિટી નંબર 1147607 થી ઇંગ્લેન્ડ અને વેલ્સમાં ચેરિટી તરીકે અને સ્કોટલેન્ડમાં ચેરિટી નંબર SC042541 થી નોંધાયેલા છીએ, અમારી રજીસ્ટર્ડ ઑફિસ અહીં આવેલી છે: Parklands, Railton Road, Guildford, Surrey GU2 9JX ("Cycling UK").

2.2. આ સ્કીમનો હેતુ ઇ-સાઇકલ્સની જાહેર જનતાની જાગરૂકતા અને સમજ વધારવાનો, અને તેના વપરાશની ગતિ વધારવાનો છે. અમને સ્કીમનું વિતરણ કરવા ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાન્સપોર્ટ પાસેથી ભંડોળ મળ્યું છે.

2.3. તમે આ શરતો, તમારી ઇ-સાઇકલ અને/અથવા સ્કીમને સંબંધિત કોઈ પ્રશ્નો માટે ઇમેઇલ મોકલીને અમારો સંપર્ક કરી શકો છો: bookings.makingcyclingeasier@cyclinguk.org

## 3. ઇ-સાઇકલ ઉછીની લેવી

3.1. ઇ-સાઇકલ ઉછીની લેવા તમે અવશ્યપણે:

3.1.1. 18 કે વધારે વર્ષની ઉંમરના હોવા રહ્યાં જો તમે ઇવાન્સ (Evans) સ્ટોર પરથી લોન (ઉછીનું) લો અથવા બીજા બધાં E-Hubs (ઇ-હબ્સ) પરથી લોન લેતી વખતે 16 વર્ષ કે વધારે ઉંમરના હોવા રહ્યાં, જો 16-17 વર્ષની વ્યક્તિ પાસે માતા-પિતાની સંમતિ હોય જે ભરેલા પેરેન્ટલ કન્ઝેન્ટ (માતા-પિતાની સંમતિના) ફોર્મમાં દસ્તાવેજીકૃત હોવી રહી);

3.1.2. એક નિપુણ અને સક્ષમ સાઇકલિસ્ટ હોવા રહ્યાં;

3.1.3. તમારે ખાતરી કરાવવી રહી કે તમે પૂરા પાડેલા બધાં ડેટા સચોટ છે, ગેરમાર્ગે દોરનારા નહિ અને સંપૂર્ણ છે;

3.1.4. તમારે સ્કીમમાં સહભાગી થવા અરજી કરવી રહી અને તમે અમારા દ્વારા સ્વીકાર્ય હોવા રહ્યાં, તમારે અમારી સાથે નોંધણી કરાવવી રહી અને તમારે અમારી મંજૂરી મેળવવી રહી (કોઈ પાત્રતા જરૂરિયાતો સંતોષવા સહિત) અને બુકિંગ કન્ફર્મેશન મેળવવું રહ્યું; અને

3.1.5. આ નિયમો સાથે સંમત થવું રહ્યું.

3.2. અમે અમારી પૂરેપૂરી વિવેકબુદ્ધિ પર, ઇ-સાઇકલ આપવાની તમારી અરજી નકારવાનો અધિકાર અનામત રાખીએ છીએ.

3.3. ઇ-સાઇકલ લીધા પછી, તમારે નીચેના વિકલ્પોમાં નિર્ધારિત કર્યા પ્રમાણે તમારી સાથે તમારું બુકિંગ કન્ફર્મેશન લાવીને તમારી ઓળખનો પુરાવો આપવો રહ્યો. જો તમે તમારા કાર્યસ્થળે ઇ-સાઇકલ ઉછીની લેતા હો તો, પછી તમારે તે લેતી વખતે તમારા હાલના કાર્યસ્થળનું ઓળખપત્ર પણ આપવું રહ્યું.

3.3.1. <u>વિકલ્પ 1</u>: તમારું બુકિંગ કન્ફર્મેશન, નીચેના ટેબલમાંથી; ગ્રુપ A માંથી 1 દસ્તાવેજ અને ગ્રુપ B માંથી 1 દસ્તાવેજ; અથવા

3.3.2. વિકલ્પ <u>2</u>: તમારું બુકિંગ કન્ફર્મેશન અને નીચેના ટેબલમાંથી ગ્રુપ B માંથી 2 દસ્તાવેજ (આ વિકલ્પનો ઉપયોગ માત્ર ત્યારે જ કરવો જ્યારે તમારી પાસે ગ્રુપ A માંથી કોઈ દસ્તાવેજ ના હોય).

| **ગ્રુપ A** | **નોંધ** | **ગ્રુપ B** | **નોંધ** |
|---|---|---|---|
| પાસપોર્ટ | માન્ય, હાલના અને અસલ દસ્તાવેજો | ડ્રાઇવિંગ લાઇસન્સ | માન્ય, હાલના અને અસલ (ઓરીજીનલ) દસ્તાવેજો |
| ડ્રાઇવિંગ લાઇસન્સ | | યુટિલિટી બિલ | છેલ્લાં 3 મહિનાનું, જે નામ અને સરનામું સ્પષ્ટપણે દર્શાવે. |
| UK બહારનું નેશનલ આઇડી કાર્ડ | | કાઉન્સિલ ટેક્સ બિલ | |

<table>
<tr><td>UK બાયોમેટ્રિક રેસિડન્સ પરમિટ (BRP)</td><td rowspan="3"></td><td>બેંક સ્ટેટમેન્ટ</td><td rowspan="5">ડિજિટલ આવૃત્તિઓ સ્વીકાર્ય.</td></tr>
<tr><td>એઝિલમ રજીસ્ટ્રેશન કાર્ડ (ARC)</td><td>મોર્ગેજ સ્ટેટમેન્ટ</td></tr>
<tr><td rowspan="4"></td><td>ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ</td></tr>
<tr><td></td><td>P45 કે P60 સ્ટેટમેન્ટ</td></tr>
<tr><td></td><td>HMRC કે DWP નો પત્ર</td></tr>
<tr><td></td><td>ભાડુઆત કરાર</td><td>માન્ય, હાલના અને અસલ દસ્તાવેજો</td></tr>
<tr><td colspan="4">નોંધ:<br>• બધાં દસ્તાવેજોમાં તમારું નામ અને સરનામું હોવું રહ્યું, જેમાં નામ અને સરનામું બધાં દસ્તાવેજોમાં સરખું હોવું રહ્યું.<br>• ગ્રુપ A અને ગ્રુપ B નાં દસ્તાવેજો અજોડ હોવા રહ્યાં અને ડ્રાઇવિંગ લાઇસન્સનો બે વખત ઉપયોગ કરી શકાતો નથી.<br>• પોતાના મુખ્ય સરનામેથી દૂર રહેતા વિદ્યાર્થીઓએ પોતાનું બુકિંગ કન્ફર્મેશન, હાલનો ભાડુઆત કરાર અને માન્ય વિદ્યાર્થી ઓળખપત્ર અચૂક પૂરું પાડવું.</td></tr>
</table>

3.4. લોન (ઉછીનું લેવાનું) તમારા બુકિંગ કન્ફર્મેશનની શરૂઆતની તારીખથી ચાલુ થાય છે અને તમે ઇ-સાઇકલ લોન પર જે સ્થળેથી લીધી હોય ત્યાં તમે તે નિયત (ડ્યુ) તારીખે પરત કરો ત્યાં સુધી ("લોન સમયગાળો") ચાલુ રહેશે.

3.5. ઇ-સાઇકલ પરત કરવાનું તમારા બુકિંગ કન્ફર્મેશનની શરૂઆતની તારીખથી 48 કલાકમાં થવું રહ્યું, તેમ કરવામાં નિષ્ફળ જવાથી બુકિંગ સ્વચાલિત રીતે રદકરણ થવાનું પરિણામ આવશે.

3.6. તમે યોગ્ય સાઇઝની ઇ-સાઇકલ પસંદ કરવા માટે જવાબદાર છો. અમારા કર્મચારીઓ ઇ-સાઇકલની સાચી સાઇઝ અને ફિટિંગ પરત લેતી વખતે તપાસશે. જો અમારા કર્મચારીઓ વિચારે કે ઇ-સાઇકલની સાઇઝ કે ફિટિંગ યોગ્ય નથી તો, અમે ઉછીની આપવાનું નકારી શકીએ. અમે બુકિંગ કરાવેલી ઇ-સાઇકલ એક વિકલ્પ માટે અદલાબદલી કરવા બંધાયેલા નથી.

3.7. તમને ફકરો 3.6 લાગુ પડતો નથી જો તમે તમારા કાર્યસ્થળે TIER (ટિયર) ઇ-સાઇકલ ઉછીની લેતા હો. TIER (ટિયર) ઇ-સાઇકલ્સ એક સાઇઝની હોય છે.

3.8. તમે ઇ-સાઇકલ ઉછીની લેવાની શરૂઆતમાં તે લો ત્યારે, તે લેતી વખતે સ્થળ છોડતા પહેલાં તમારે ઇ-સાઇકલનું નિરીક્ષણ કરીને સંમત થવું રહ્યું કે સારી સ્થિતિમાં છે.

3.9. તમારે ઇ-સાઇકલની બેટરી પૂરેપૂરી ચાર્જ કરીને ઇ-સાઇકલને લેતી વખતની સરખી સ્થિતિમાં (આ શરતોના અનુપાલનમાં વપરાશથી થતા કોઈ ઘસારાને બાકાત રાખતા), સાફ પરત કરવી રહી.

3.10. જો તમે તમારા કાર્યસ્થળેથી TIER ઇ-સાઇકલ ઉછીની લેતા હો તો, તમે ઇ-સાઇકલની બેટરીને ઘરે ચાર્જ કરી શકશો નહીં. તેને તમારા કાર્યસ્થળે ચાર્જ કરવી રહી.

3.11. તમારે ઇ-સાઇકલ અને કોઇપણ સહાયક સાધનો લોન સમયગાળાના અંતે તમારા બુકિંગ કન્ફર્મેશનમાં જણાવેલી તારીખ, સમય અને સ્થળે પરત કરવી રહી. જો ઇ-સાઇકલ (કોઇપણ સહાયક સાધનો સહિત) લોન સમયગાળાના છેલ્લાં દિવસે અથવા તે પહેલાં અમને પરત ન કરવામાં આવે તો, અમે નીચેની પેટાકલમ 5 ને અનુરૂપ વિલંબ (લેટ) ફી વસૂલવાનો અધિકાર અનામત રાખીએ છીએ.

3.12. તમે વ્યક્તિ દીઠ માત્ર એક ઇ-સાઇકલનું બુકિંગ કરાવી શકો છો અને સ્કીમના સમયગાળા માટે માત્ર એક ઇ-સાઇકલ લોન પર લેવાની છૂટ છે (સળંગ / આવર્તક / પુનરાવર્તિત બુકિંગ્સ કરાવવાની પરવાનગી નથી અને તે સ્વચાલિત રીતે રદ થશે).

3.13. તમે અમારી દેખરેખ રાખવાની અને મૂલ્યાંકન કરવાની પ્રક્રિયામાં સહભાગી થવા સંમત થાવ છો, જેમાં પ્રિ-લોન (ઉછીનું લેતા પહેલાંનો) સર્વે અને બે પોસ્ટ-લોન (ઉછીનું લીધાં પછીના) સર્વે સામેલ છે. તમે સર્વેમાં અનામી રહીને જવાબ આપી શકો છો.

3.14. સ્કીમમાં તમારી સહભાગિતા પછી, સાઇકલિંગ UK અથવા ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાન્સપોર્ટના મૂલ્યાંકન ભાગીદાર, Steer (સ્ટીયર), તમને સ્કીમમાં આગળ સંશોધનમાં ભાગ લેવા આમંત્રિત કરવા, અને તેમાં તમારી સહભાગિતા માટે તમારો સંપર્ક કરી શકે.

3.15. તમે તમારું મફત સાઇકલિંગ UK સભ્યપદ (પેટાકલમ 10.5 જુઓ) મેળવવા અને અમારા દેખરેખ રાખવાના અને મૂલ્યાંકન સર્વે સુધી પહોંચવા (પેટાકલમ 3.13 જુઓ) તમારા બુકિંગનું સંચાલન કરવા અમારો અનિવાર્ય પત્રવ્યવહાર મેળવશો.

## 4. તમારી બંધનકારક ફરજો

4.1. ઇ-સાઇકલનો ઉપયોગ કરતી વખતે, તમારે અવશ્યપણે:

4.1.1. આ શરતો અને લાગુ કાયદાઓનું પાલન કરવું રહ્યું;

4.1.2. હાઇવે કોડ (આચારસંહિતા)નું પાલન કરવું રહ્યું;

4.1.3. બધાં ટ્રાફિક ચિહ્નો અને સિગન્લ્સ અનુસરવા રહ્યાં;

4.1.4. ખાતરી કરવી રહી કે ઇ-સાઇકલ ઉપયોગમાં લેતા પહેલાં રસ્તા પર ચલાવવાને યોગ્ય છે (જેમાં દરેક ઉપયોગ પહેલાં એ તપાસવું સામેલ છે કે ટાયરો, બ્રેક, સેંડલ અને બેલ વપરાશ માટે યોગ્ય છે);

4.1.5. ઇ-સાઇકલનો વ્યાજબીપણે અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો રહ્યો;

4.1.6. અમે અને/અથવા ઉત્પાદકની કોઈ સૂચનાઓ અનુસાર ઇ-સાઇકલનો વ્યાજબીપણે અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો રહ્યો;

4.1.7. ખાતરી કરવી રહી કે ઇ-સાઇકલની લિથિયમ બેટરીની સારી સંભાળ લેવાય છે: અમે અથવા ઉત્પાદકે ચાર્જિંગ માટે પૂરી પાડેલી સૂચનાઓ અનુસરવામાં આવે છે (TIER ઇ-સાઇકલ્સને વપરાશકર્તાઓ ચાર્જ કરી શકતા નથી); બેટરીને અત્યંત ઉષ્ણતામાને ઉઘાડી રખાતી નથી; બેટરી ઉતારી લેવાતી નથી કે તેની સાથે કોઇ રીતે ચેડા કરવામાં આવતા નથી, અને માત્ર ઇ-સાઇકલને પાવર આપવા બેટરીનો ઉપયોગ કરવામાં આવે છે. જો બેટરીને નુકસાન થયું હોય તો, કૃપા કરી આ સરનામે ઇમેઇલ મોકલીને અમને તેની જાણ કરો: bookings.makingcyclingeasier@cyclinguk.org

4.1.8. ઇ-સાઇકલની કાળજી રાખવી; અને

4.1.9. ઇ-સાઇકલ ઉપયોગમાં કે નજરમાં ન હોય ત્યારે પૂરા પાડેલા લૉકનો ઉપયોગ કરીને, સુરક્ષિત જગ્યાએ ફિક્સ્ડ ઓબ્જેક્ટ (અચળ વસ્તુ) સાથે, અને સલામત રીતે તાળાબંધ રાખવી. જો તમે તમારા કાર્યસ્થળે TIER (ટિયર) ઇ-સાઇકલ ઉછીની લેતા હો તો, TIER ઇ-સાઇકલ્સને ફિક્સ્ડ ઓબ્જેક્ટ સાથે તાળાબંધ રાખવાની જરૂર નથી.

4.2. ઇ-સાઇકલ (કોઈ સહાયક સાધનો સહિત)નો ઉપયોગ કરો ત્યારે તમારે અવશ્યપણે આ ન કરવું:

4.2.1. ઇ-સાઇકલને નજરથી દૂર કે અસલામત ન છોડવી (ઉપરની પેટાકલમ 4.1.9 ને અનુરૂપ TIER ઇ-સાઇકલ્સ સિવાય);

4.2.2. ઇ-સાઇકલના લક્ષ્યાંકિત હેતુ સિવાય કોઈ હેતુ માટે તેનો ઉપયોગ ન કરવો. દાખલા તરીકે, તમારે કુરિયર સર્વિસ પૂરી ન જ પાડવી કે ન જ ચલાવવી અથવા કોઈ ધંધાકીય હેતુસર તેનો ઉપયોગ ન જ કરવો;

4.2.3. ઇ-સાઇકલ કે અન્યથા તેના આંશિક ભાગનો કબજો વેચવો નહિ, કોઇને ઉધાર કે વાપરવા, ભાડે આપવો નહિ અથવા બીજી કોઈ વ્યક્તિને ઇ-સાઇકલ વાપરવાની છૂટ આપવી નહીં;

4.2.4. ઇ-સાઇકલને નુકસાન પહોંચાડવું નહિ, ડાઘા કે ધબ્બા પાડવા કે તોડફોડ કરવી નહીં;

4.2.5. ઇ-સાઇકલ પર ભાર કે વજન લાદવું નહીં:

(a) TIER (ટિયર) ઇ-સાઇકલ્સ માટે 250lb (130kg) - અથવા 242lb (110kg);

(b) એક સમયે એકથી વધારે વ્યક્તિ બેસાડવી નહીં;

(c) TIER (ટિયર) ઇ-સાઇકલ્સ માટે બાસ્કેટ સાથે કુલ વજન 20lb (10kg) - અથવા 13lb (6kg);

(d) બાસ્કેટ સાથે કોઈ પ્રાણીઓ, બાળકો કે વ્યક્તિઓ;

4.2.6. તમને ઇજા થવાનું કારણ બની શકતા અને / અથવા ઇ-સાઇકલને નુકસાન પહોંચાડવાનું કારણ બની શકતા અને / અથવા કાયદેસર પ્રતિબંધિત ભયજનક, ખતરનાક કે જ્વલનશીલ પદાર્થો કે કોઈ વસ્તુઓ સાથે રાખવી નહીં;

4.2.7. રેસિંગ અથવા સ્ટંટ કે ટ્રિક રાઇડિંગ માટે ઇ-સાઇકલનો ઉપયોગ કરવો નહીં;

4.2.8. દારૂનું સેવન, તીવ્ર દવા કે અન્ય દવાઓના પ્રભાવ હેઠળ ઇ-સાઇકલનો ઉપયોગ કરવો નહીં;

4.2.9. ટેક્ષ્ટ મેસેજ મોકલતી વખતે કે તમારો મોબાઇલ ફોન ઉપયોગમાં હોય ત્યારે ઇ-સાઇકલનો ઉપયોગ કરવો નહીં;

4.2.10. ઇ-સાઇકલ છૂટી પાડવી નહિ કે તેની સાથે ચેડા કરવા નહિ (અથવા તેમ કરવાનો કોઇપણ રીતે પ્રયત્ન કરવો નહીં);

4.2.11. ઇ-સાઇકલ સાથે સહાયક સાધનો કે ટ્રેલર્સ ઉમેરવા કે જોડવા નહીં;

4.2.12. ઇ-સાઇકલનો ગુનાહિત પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવો નહીં;

4.2.13. ઇ-સાઇકલનો અસામાજિક વર્તણૂક માટે ઉપયોગ કરવો નહિ (જેમાં દાખલા તરીકે, અન્ય લોકોને ચોંકાવવાનું, ગુનાહિત કે સંતાપનું કારણ બને કે તેવી સંભાવના રહે); અને

4.2.14. ઇ-સાઇકલને કોઇપણ એવી જગ્યાએ ન છોડવી જ્યાં તે જાહેર જનતાને અડચણરૂપ બને, જેમ કે પેવમેન્ટ, સાઇકલ લેન કે રોડ પર ન છોડવી.

4.2.15. ઇ-સાઇકલને કોઇપણ સંજોગોમાં યુનાઇટેડ કિંગડમની બહાર લઈ જઈ શકાતી નથી.

## 5. ઇ-સાઇકલ મોડી પરત કરવી કે બિલકુલ પરત ન કરવી

5.1. જો અમને ઉપરની પેટાકલમ 3.11 અનુસાર લોન સમયગાળાના અંતે (તારીખ, સમય અને સ્થળે) ઇ-સાઇકલ પરત ન કરવામાં આવે તો, લોન સમયગાળો પૂરો થયા પછી ("લેટ રિટર્ન ફી") વત્તા £200 ની રિકવરી ફી ("રિકવરી ફી') અમને ઇ-સાઇકલ પરત ન કરવાના દરેક દિવસ માટે £50 ની લેટ રિટર્ન ફી તમારી પાસેથી વસૂલવામાં આવશે જો અમારે ઇ-સાઇકલ રિકવર (પરત લેવાની) કે રિપઝેસ કરવાની (ફરી કબજામાં લેવાની) જરૂર પડે. મહત્તમ લેટ ફી રકમ £1,500 રહેશે અને માગણી કરવામાં આવે ત્યારે તમે અમને ઇ-સાઇકલ પરત કરો ત્યાર પહેલાંની તારીખ સુધીના, અથવા લોન સમયગાળાના અંત પછીના ત્રીસ (30) દિવસના ઋણ તરીકે ચૂકવવાની રહેશે.

5.2. લેટ રિટર્ન ફી અને રિકવરી ફી વસૂલવા અને પરત મેળવવા ઉપરાંત, અમે તમારી સામે કાર્યવાહીઓ કરીને, અને/અથવા પોલીસને કોઈ ગુનાહિત કૃત્યનો પુરાવો જણાવીને, ઇ-સાઇકલ શોધવા અને તમારી પાસેથી પુનઃકબજો મેળવવા લીધેલા પગલાઓ સહિત, ઇ-સાઇકલ અને કોઈ સહાયક સાધનો મોડા કે બિલકુલ પરત ન મળવાના સંબંધમાં અમારા અધિકારો અનામત રાખીએ છીએ. અમારી ઇ-સાઇકલ્સ ચોરી-વિરોધી જીપીએસ (anti-theft GPS) ટ્રેકિંગ ડિવાઇસીસથી સજ્જ હોય છે અને તે ચોરી થવાની ઘટનામાં અથવા પરત ન આપવાના કિસ્સામાં એક્ટિવેટ થઈ શકે જેથી આવી ઇ-સાઇકલ્સ રિકવર કરી શકાય

## 6. સુરક્ષા

6.1. અમે ઇચ્છીએ છીએ કે ઇ-સાઇકલનો ઉપયોગ કરતી વખતે તમારો અનુભવ સુરક્ષિત અને આનંદમય રહે. ઉપરની પેટાકલમો 4.1 અને 4.2 માં જણાવેલી અમારી ઉપયોગ જરૂરિયાતોનું અનુપાલન અને સાવચેતી અને સારા નિર્ણયનો ઉપયોગ કરવા ઉપરાંત, અમે દૃઢપણે સલાહ આપીએ છીએ કે તમે ઇ-સાઇકલનો ઉપયોગ કરતી વખતે હેલ્મેટ પહેરો અને યોગ્ય સુરક્ષા સાધન અને વસ્ત્રો (પૂરી પાડેલી લાઇટો સહિત)નો ઉપયોગમાં લો અને અમારું માર્ગદર્શન અને સુરક્ષા સૂચનો અનુસરો.

6.2. તમે સ્વીકારો છો કે સાઇકલિંગમાં જોખમો રહે છે અને મંજૂર કરો છો કે તમે એક સક્ષમ સાઇકલિસ્ટ છો જેઓ સુરક્ષિતપણે અને જવાબદારીપૂર્વક સાઇકલ ચલાવશે. તમે એ ખાતરી કરાવવા જવાબદાર છો કે તમે ઇ-સાઇકલનો સુરક્ષિતપણે ઉપયોગ કરવા શારીરિક રીતે સક્ષમ છો અને તમે તમારા પોતાના જોખમે સવારી કરો છો.

## 7. બાકાતકરણ અને મોકૂફી

7.1. જો તમે કોઇપણ સમયે આ શરતો અને / અથવા કોઈ લાગુ કાયદાઓનું પાલન ન કરો તો અમે તમને સ્કીમમાં સહભાગી થવામાં અને ઇ-સાઇકલનો ઉપયોગ કરવામાં બાકાત કે નિલંબિત કરીએ તેવું બની શકે.

7.2. શરતોનું બિન-અનુપાલન ગુનાહિત પ્રકૃતિનું હોય (ઇ-સાઇકલની ચોરી થવી સહિત) ત્યાં અમે આ બાબતની જાણ પોલીસને કરવાનો અને સંબંધિત માહિતી પોલીસને જાહેર કરવાનો કરવાનો અધિકાર અનામત રાખીએ છીએ. આ શરતો અને કોઈ લાગુ કાયદાઓના બિન-અનુપાલનના સંદર્ભમાં પોલીસે પૂરી પાડેલી માહિતીનો તમને સ્કીમમાં સહભાગી થવામાંથી અને ઇ-સાઇકલના ઉપયોગમાંથી બાકાત કે નિલંબિત રાખવા માટે ઉપયોગમાં લેવામાં આવે તેવું બની શકે.

7.3. જો તમને સ્કીમમાંથી બાકાત કે નિલંબિત કરવામાં આવે તો અમે તમને ઉછીની આપેલી ઇ-સાઇકલ રદ કરીશું અને તમારે તમારા બુકિંગ કન્ફર્મેશનમાં જણાવેલા સ્થળે અમને ઇ-સાઇકલ (અને કોઈ સહાયક સાધનો) પરત કરવા રહ્યાં નહિતર લેટ ફી લાગુ થશે. જો તમે ઇ-સાઇકલ પરત કરવામાં નિષ્ફળ જાવ તો અમે વધુ કાર્યવાહી કરવાનો અધિકાર અનામત રાખીએ છીએ.

## 8. સમસ્યાઓ અને સમારકામ (રિપેર્સ)

8.1. જો તમે ઇ-સાઇકલ સાથે કોઈ સમસ્યા અનુભવો તો મહેરબાની કરીને તે સુરક્ષિત જણાતી વહેલામાં વહેલી તકે તેનો ઉપયોગ કરવાનું બંધ કરશો અને કોઈ વિલંબ કર્યા વગર અમને અહીં જાણ કરશો, bookings.makingcyclingeasier@cyclinguk.org.

8.2. અમે શક્ય હોય ત્યાં, ઇ-સાઇકલને રિપેર કરાવવા અથવા તબદીલી ઇ-સાઇકલ મેળવવા વ્યાજબી પ્રયત્નો કરીશું, સિવાય કે:

8.2.1. પંક્ચર રિપેર કરાવવું હોય અથવા ચેઇન ઊતરી ગઈ હોય (માત્ર TIER-સિવાયની ઇ-સાઇકલ્સ) અથવા સેડલ અનુકૂળ કરવાના હોય, જે તમે વ્યાજબી ધોરણે તમારી જાતે કરી શકો છો; અથવા

8.2.2. તમારા દુરુપયોગના પરિણામસ્વરૂપે નુકસાન થાય.

8.3. જો તમે તમારા કાર્યસ્થળેથી TIER ઇ-સાઇકલ ઉછીની લેતા હો તો, તમારે ઊતરી ગયેલી ચેઇન ફરીથી ફિટ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ નહીં. તેને બદલે, તમારે તમારી બાઇક તમારા કાર્યસ્થળે પરત કરવી જોઇએ અને / અથવા અમને અહીં ઇમેઇલ મોકલવો જોઇએ: bookings.makingcyclingeasier@cyclinguk.org અથવા તમારા કાર્યસ્થળે અમારા પ્રતિનિધિને જણાવવું જોઇએ કે ચેઇન ફરીથી ફિટ કરવાની જરૂર છે. TIER ઇ-સાઇકલ્સમાં નક્કર રબર ટાયર્સ હોય છે અને તેમાં પંક્ચર પડશે નહીં.

## 9. અકસ્માત / નુકસાન પામેલી, ખોવાયેલી કે ચોરાયેલી ઇ-સાઇકલ્સ

9.1. તમારે ઇ-સાઇકલ્સને કોઈ નુકસાન થવાની, ખોવાઈ જવાની કે ચોરી થવાની ઘટનાની જાણ અમને ઇમેઇલથી કરવી રહી: bookings.makingcyclingeasier@cyclinguk.org.

9.2. ઇ-સાઇકલ ચોરી થવાના કિસ્સામાં આ સ્કીમમાં તમારી સામેલગીરી જણાવીને, તમારે આની જાણ સૌથી નજીકના પોલીસ સ્ટેશને કરવી રહી, અને તમારે ઇન્સિડન્ટ રેફરન્સ નંબર, તેમજ ઇ-સાઇકલ ચોરાઇ હોય તે સ્થળનો ફોટોગ્રાફિક પુરાવાની નકલ મેળવીને અમને ઇમેઇલથી મોકલવી રહી.

9.3. તમે ઇ-સાઇકલ લઇને જતા હો તે સમયે જો તમારે કોઈ અકસ્માતમાં સંડોવાવું પડે, અથવા કોઈ વ્યક્તિને ઈજા કે વસ્તુને નુકસાન થાય તો તમારે સુરક્ષિત લાગે ત્યારે ઇ-સાઇકલનો ઉપયોગ કરવાનું રોકવું રહ્યું અને અમને અકસ્માત અને કોઈ નુકસાનની જાણ અહીં ઇમેઇલ મોકલીને કરવી રહી: bookings.makingcyclingeasier@cyclinguk.org અથવા ઇવાન્સ સાઇકલ્સના સ્થળે જ્યાંથી તમે ઇ-સાઇકલ લીધી હોય, જો તમે ઇવાન્સ સાઇકલ મારફતે તે ઉછીની લો. જો તમે નજીવી ટક્કર સહિત, કોઈ ટક્કર કે અથડામણમાં સંડોવાયેલા હો તો, આ સ્કીમમાં તમારી સામેલગીરી જણાવીને, તમારે તેની જાણ પણ સૌથી નજીકના પોલીસ સ્ટેશનમાં કરવી રહી, અને તમારે અમને પોલીસ ઇન્સિડન્ટ રેફરન્સ નંબરની નકલ મેળવીને અમને ઇમેઇલથી મોકલવી રહી.

## 10. જવાબદારી અને વીમો

10.1. તમે ઇ-સાઇકલ અને કોઇપણ સહાયક સાધનો ઉછીના લો તે દરમિયાન અમારી મિલકત (અથવા અમારા ભાગીદારોની મિલકત, લાગુ પડે તે મુજબ) બની રહે છે.

10.2. ઉછીની લો તે દરમિયાન અમે તમને પૂરી પાડેલી ઇ-સાઇકલ અને કોઈ સહાયક સાધનો ખોવાઇ જાય, ચોરાઇ જાય કે તેને નુકસાન થાય તે માટે તમે જવાબદાર રહો છો.

10.3. અમે આ શરતો હેઠળ અમારા વ્યાજબી નિયંત્રણ બહારની ઘટનાઓથી કારણભૂત અમારી ફરજોમાં થતો કોઈ વિલંબ કે નિભાવવામાં નિષ્ફળતા માટે જવાબદાર નથી.

10.4. અમે ચોક્કસ કાર્યસ્થળો મારફતે ઉછીની લીધી હોય તે માટે, TIER (ટિયર) ઇ-સાઇકલ પર પૂરા પડાતા Qi (વાયરલેસ) ચાર્જિંગ અને/અથવા મોબાઇલ ફોન હોલ્ડર્સ બગડવા માટે કે તેની નિષ્ફળતા માટે જવાબદાર નથી.

10.5. એકવાર તમે ઇ-સાઇકલ મેળવી લો એટલે, તે ઉછીની લેવાની શરૂઆતમાં, તમે ત્રણ-મહિનાનું સાઇકલિંગ UK સભ્યપદ (મફતમાં) મેળવશો, જેમાં ત્રાહિત પક્ષનો જવાબદારી વીમો સામેલ છે. તમે તમારી ઇ-સાઇકલ મેળવો તેના ટૂંક સમયમાં સભ્યપદ વિશે વિગતવાર માહિતી મેળવશો. અમે અમારી વિવેકબુદ્ધિથી સભ્યપદ ઓફર સુધારવાનો કે રદ કરવાનો અધિકાર અનામત રાખીએ છીએ. પહેલેથી સાઇકલિંગ UK સભ્ય હોય તેવા સભ્યો આ સ્કીમ મારફતે ઇ-સાઇકલ ઉછીની મેળવવાના પરિણામસ્વરૂપે સભ્યપદમાં વિસ્તરણ, વધારાનું સભ્યપદ કે વળતર મેળવશે નહીં.

## 11. ડેટા સંરક્ષણ

11.1. અમે તમારી અંગત માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીએ તેનું સંચાલન અમારી ગોપનીયતા નીતિ (લિંક નીચે સમાવી છે) કરે છે. અમે તમારી અંગત માહિતીનો ઉપયોગ જે રીતે કરીએ છીએ તે વિશે માહિતી મેળવવા કૃપા કરી ગોપનીયતા નીતિ કાળજીપૂર્વક વાંચો.

https://www.cyclinguk.org/article/making-cycling-e-asier-privacy-notice

## 12. રદકરણ

12.1. તમે ઇ-સાઇકલ ઉછીની મેળવવામાં સુધારો કે રદ કરાવવા અમને અહીં ઇમેઇલ મોકલીને સંપર્ક કરી શકો છો: bookings.makingcyclingeasier@cyclinguk.org અથવા ઇવાન્સ સાઇકલ્સના સ્થળે પરત કરીને જ્યાંથી તમે ઇ-સાઇકલ લીધી હોય, જો તમે ઇવાન્સ સાઇકલ મારફતે તે ઉછીની લો.

12.2. સ્કીમ ચાલુ રહેવા સુધી તમારું ઉછીનું લેવાનું શરતી રહે છે. સ્કીમ સમાપ્ત થતા સુધી સહિત (પણ એટલું જ સીમિત નથી), અમે કોઇપણ કારણસર તમને ઉછીનું આપેલું તાત્કાલિક રદ કરી શકીએ. જો તમને ઉછીનું આપેલું રદ થાય તો, તમારે તમારા બુકિંગ કન્ફર્મેશનમાં જણાવેલા સ્થળે ઇ-સાઇકલ અમને વિના વિલંબે પરત કરવી રહી.

## 13. ફરિયાદો

13.1. જો તમને આ શરતો કે તમારે ઉછીનું લેવા વિશે કોઇ પ્રશ્નો હોય, અથવા તમે ફરિયાદ કરવા ઇચ્છો તો, કૃપા કરી અમારો સંપર્ક અહીં ઇમેઇલથી કરો: bookings.makingcyclingeasier@cyclinguk.org

## 14. અપડેટ્સ

14.1. અમે આ શરતો સમયાંતરે અદ્યતન કરીએ તેવું બની શકે.

## 15. અન્ય

15.1. તમારે તમારા સરનામામાં કોઈ ફેરફાર કે તમારી વિગતોમાં બીજી કોઈ અદ્યતન માહિતીની જાણ વ્યવહારું હોય એટલી વહેલામાં વહેલી તકે અમને અહીં ઇમેઇલ મોકલીને કરવી રહી: bookings.makingcyclingeasier@cyclinguk.org.

15.2. તમે અને અમારા સિવાય બીજી કોઈ વ્યક્તિ આ કરાર સાથે પક્ષકાર બનતી નથી. અન્ય કોઈ વ્યક્તિ પાસે આમાંના કોઈ નિયમો લાગુ કરવા કોઈ અધિકારો રહેશે નહીં.

15.3. તમે આ શરતો હેઠળ તમારા કોઈ અધિકારો બીજી કોઈ વ્યક્તિને તબદીલ કે ફાળવી ન શકો તેવું બની શકે.

15.4. જો આ શરતોની કોઈ જોગવાઇ અમાન્ય કે લાગુ કરવામાં અશક્ય ઠારવવામાં આવે તો, તે જોગવાઇ કાઢી નાખવામાં આવશે અને બાકીની જોગવાઇઓ કાયદા હેઠળ સંપૂર્ણ પ્રમાણમાં અમલી બનાવાશે.

15.5. આ શરતો હેઠળ કોઈ અધિકાર કે જોગવાઇ લાગુ કરવામાં નિષ્ફળતાથી આવા અધિકાર કે જોગવાઇની માફીનું નિર્માણ થશે નહીં.

15.6. જો શરતોનું બીજી કોઈ ભાષામાં ભાષાંતર કરવામાં આવે અને શરતોની આવૃત્તિઓ વચ્ચે કોઈ અસંગતતા હોય તો, આમાં અંગ્રેજી આવૃત્તિને અગ્રતા આપવામાં આવશે.

15.7. આ શરતો ઇંગ્લિશ અને વૅલ્સ કાયદાથી સંચાલિત થશે અને આ શરતોના સંદર્ભમાં આપણાં વચ્ચે કોઈ વિવાદોની સુનાવણી ઇંગ્લિશ અને વૅલ્સ કોર્ટમાં થશે.